નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



નજાનૂ સંગીતના પાઠ શીખે છે.

02





નજાનૂના સાહસો
નજાનૂ સંગીતના પાઠ શીખે છે.

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ

બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો







નજાનૂ ક્યારેય કોઈ કામ બરાબર કરી શકતો નહોતો. તે હજી પણ શબ્દોને તોડીને વાંચતો હતો.સારી રીતે વાંચી શકતો નહોતો, અને લખવામાં પણ માત્ર છાપેલાં અક્ષરો જ લખી શકતો હતો.કેટલાક લોકો કહેતા હતા કે તેનું માથું ખાલી છે, પરંતુ એ સાચું નહોતું, કારણ કે જો તેનું માથું ખરેખર ખાલી હોત, તો તે જરા પણ વિચારી શક્યો ન હોત. ખરું છે કે તે બહુ વિચારતો નહોતો, પરંતુ તે પોતાના બૂટ પગમાં પહેરતો હતો, માથા પર નહીં; અને એટલું કરવા માટે પણ થોડોક વિચાર તો કરવો જ પડે.
છતાં પણ, તે ખરાબ છોકરો નહોતો. તે શીખવા માગતો હતો, પરંતુ મહેનત કરવા તૈયાર નહોતો. તે કોઈ પ્રયત્ન કર્યા વગર જ શીખી જવા ઇચ્છતો હતો, અને સ્વાભાવિક રીતે, માઇટ્સમાંના સૌથી બુદ્ધિશાળી લોકો પણ એવું કરી શકતા નહોતા.





છોકરા -માઇટ્સ અને છોકરી-માઇટ્સને સંગીત ખૂબ જ પ્રિય હતું, અને ટ્રિલ્સ બહુ સારો સંગીતકાર હતો.તેની પાસે દરેક પ્રકારના સંગીતના વાદ્યો હતાં અને તે ઘણીવાર તેમને વગાડતો હતો. લોકો તેના વાદન માટે તેની ખૂબ પ્રશંસા કરતા હતા.આથી નજાનૂને ઈર્ષ્યા થવા લાગી, અને એક દિવસ તેણે તેને કહ્યું:

“મને વગાડતાં શીખવો, હું પણ સંગીતકાર બનવા માગું છું.”

ટ્રિલ્સે કહ્યું. “બરાબર,” “તું કયું વાદ્ય વગાડવા માંગે છે?”








“સૌથી સહેલું કયું છે?”
“બલાલાઇકા.”
“મને આપો, હું તેને અજમાવી જોઉં.”
ટ્રિલ્સે તેને એક બલાલાઇકા આપી.નજાનૂએ તેને થોડું ઝણકાર્યું અને પછી કહ્યું:
“આમાંથી પૂરતો અવાજ આવતો નથી. મને કંઈક વધુ જોરથી વાગતું વાદ્ય આપો.”







ટ્રિલ્સે તેને એક વાયોલિન આપ્યું. નજાનૂએ થોડો સમય તેને વગાડવાનો પ્રયત્ન કર્યો અને પછી કહ્યું:
“તમારી પાસે આનાથી વધુ જોરથી અવાજ કરતું કંઈ વાદ્ય નથી?”
“મારી પાસે એક ભૂંગળ (હોર્ન) છે,” ટ્રિલ્સે કહ્યું.
“મને એ અજમાવવા દો.”





ટ્રિલ્સે તેને પિત્તળનું એક મોટું ભૂંગળ (હોર્ન) આપ્યું. નજાનૂએ પોતાની પૂરી તાકાતથી તેમાં ફૂંક મારી, અને તેમાંથી જોરદાર કર્કશ અવાજ નીકળ્યો.
“આ તો સારું વાદ્ય છે,આ બહુ અવાજ કરે છે.” નજાનૂએ કહ્યું.
“બરાબર, જો તારી ઇચ્છા હોય તો તું હોર્ન વગાડવાનું શીખી લે.”
“મારે શીખવાની શું જરૂર છે?” નજાનૂએ કહ્યું. “હું તો શીખ્યા વગર જ વગાડી શકું છું.”
“ના, તું નથી વગાડી શકતો,” ટ્રિલ્સે કહ્યું.

“હા, હું વગાડી શકું છું! સાંભળો તો!” એમ કહીને નજાનૂએ પોતાની પૂરી તાકાતથી ભૂંગળમાં ફૂંક મારી:
“બો-ઓ-ઓ-મ! બા-આ-મ!”
“તું માત્ર ફૂંક મારી રહ્યો છે, વગાડી રહ્યો નથી,” ટ્રિલ્સે કહ્યું.
“વગાડી રહ્યો નથી?” નજાનૂએ તીખાશથી કહ્યું. “હું તો બહુ સારું વગાડી રહ્યો છું. હું ઘણો અવાજ કરી રહ્યો છું.”
“તારે માત્ર અવાજ નથી કરવો, તારે સંગીત બનાવવું છે ને !.”
“આ જ તો સંગીત છે.”
“ના, આ સંગીત નથી,” ટ્રિલ્સે કહ્યું. “મને લાગે છે કે તને સંગીતની સમજ જ નથી.”
“તને જ સમજ નથી,” નજાનૂએ ગુસ્સાથી કહ્યું. “તું તો ફક્ત ઈર્ષ્યા કરે છે. તને ડર છે કે લોકો તારા જે વખાણ કરે છે, તેમાંનો થોડો ભાગ મને પણ મળી જશે.”
“એ સાચું નથી,” ટ્રિલ્સે કહ્યું. “જો તને લાગે છે કે શીખવાની જરૂર નથી, તો આ ભૂંગળ લઈ જા અને જેટલું મન થાય એટલું વગાડ. પછી જોઈએ કે લોકો તારી કેટલી પ્રશંસા કરે છે!”





“હું તો એ જ કરવા જઈ રહ્યો છું,” નજાનૂએ કહ્યું.
અને તેણે ભૂંગળ લઈ લીધો અને તેને ફૂંકવા માંડ્યો. તેને વગાડતાં આવડતું નહોતું, તેથી ભૂંગળમાંથી કર્કશ અવાજો નીકળતા, ક્યારેક ખાંસી જેવો અવાજ આવતો અને ક્યારેક સીસકારા જેવા અવાજો સંભળાતા. જ્યારે ટ્રિલ્સથી આ બધું વધારે સહન ન થયું, ત્યારે તેણે પોતાનું મખમલી જૅકેટ પહેર્યું અને ગળાની ટાઈના બદલે ગુલાબી રંગનું મફલર બાંધીને પોતાના એક મિત્રને મળવા ચાલ્યો ગયો.
સાંજે, જ્યારે બધા ઘરે હતા, ત્યારે નજાનૂએ ફરીથી ભૂંગળ કાઢ્યું અને તેને ફૂંકવા લાગ્યો.
“ભૂમ-ભૂમ-ભૂમ-ભૂમ!”
“આ કેવો ઘોંઘાટ છે?” બધાંએ બૂમ પાડી.
“આ ઘોંઘાટ નથી,” નજાનૂએ કહ્યું, “હું વગાડી રહ્યો છું.”
“આ જ ક્ષણે બંધ કર,” જાનૂએ કહ્યું. “મારું માથું દુખવા માંડ્યું છે.”
“એ તો ફક્ત એટલા માટે કે તને આની ટેવ નથી. એક વાર ટેવ પડી જશે, પછી માથું નહીં દુખે.”
“પણ મારે એની ટેવ પાડવી જ નથી.”
પણ નજાનૂ તો ભૂંગળ ફૂંકતો જ રહ્યો.
“ભૂમ-ભૂમ-ગીર્ર-ગીર્ર-ભૂમ-ભૂમ!”





“બંધ કર!” બધાં માઇટ્સ બૂમ પાડીને બોલ્યાં.“તારા આ ભયંકર ભૂંગળ સાથે અહીંથી નીકળી જા!”
“હું ક્યાં જાઉં?” નજાનૂએ પૂછ્યું.
“ખેતરોમાં જા અને ત્યાં વગાડ.”
“પણ ત્યાં તો મને કોઈ સાંભળશે જ નહીં.”
“શું તારે કોઈને સંભળાવવું જરૂરી છે?”
“ચોક્કસ, જરૂરી છે.”
“તો પછી બહાર જા અને પડોશીઓને સંભળાવ.”
નજાનૂ બહાર ગયો અને બાજુના ઘરની આગળ ઊભો રહીને પોતાનું ભૂંગળ ફૂંકવા લાગ્યો. પડોશીઓ બહાર આવ્યા અને તેને એટલો બધો ઘોંઘાટ ન કરવા વિનંતી કરી. પછી તે બીજા એક ઘરની પાસે ગયો, પરંતુ ત્યાંથી પણ તેને હાંકી કાઢવામાં આવ્યો.



જ્યારે ત્રીજા ઘરની પાસે પણ તેની સાથે આવું જ થયું, ત્યારે તેણે જીદમાં આવીને પોતાની પૂરી તાકાતથી ભૂંગળ વગાડવાનું શરૂ કર્યું. આથી બધા લોકો ગુસ્સે ભરાઈ ગયા. તેઓ પોતાના ઘરોમાંથી દોડી બહાર આવ્યા અને તેને ત્યાંથી ભગાડી દીધો. નજાનૂ તો માંડ માંડ પોતાનું ભૂંગળ લઈને તેમની પાસેથી બચીને ભાગી શક્યો.

ત્યારપછી તેણે ક્યારેય ભૂંગળ વગાડ્યું નહીં.

“કોઈને મારા સંગીતની કદર જ નથી,” તેણે કહ્યું. “હજુ તેઓ મારા સંગીતને સમજવા જેટલા વિકસ્યા નથી. જ્યારે તેઓ એટલા સમજદાર બનશે કે મારા સંગીતને સાંભળવા માંગશે, ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. પછી હું તેમના માટે વગાડવાનો જ નથી!”







